# અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગચાળાને ડામવા સર્વેની કામગીરી યથાવત

## ધનસુરાના બારનોલીના યુવાન અને પારસ સોસાયટીની વિદ્યાર્થિનીને શંકાસ્પદ ડેન્ગ્યુ

અરવલ્લી, તા. ૨૮

મેલેરીયા અને ડેન્ગ્યુના કેસમાં નોંધપાત્ર અને ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. તેવી સ્થિતિમાં આ છુટાછવાયા કેસ કોઈ રોગચાળાનું સ્વરૂપ ન લઈ લે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. શંકાસ્પદ ડેન્ગ્યુના કેસો મળી આવ્યા હોય તે વિસ્તારો અને ગામે ગામ જઈને પાણીના પાત્રોની ચકાસણી અને ગંદકી કાદવ-કિચડ વાળી જગ્યાએ પોરાનાશક કામગીરી અને ફોગીંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અરવલ્લી જિલ્લામાં ધનસુરા તાલુકાના ૧૮ વર્ષીય યુવાન તેમજ મોડાસાની પારસ સોસાયટીમાં રહેતી કોલેજની વિદ્યાર્થીનીને શંકાસ્પદ ડેન્ગ્યુના લક્ષણો જણાતા તાબડતોડ સારવાર અર્થે મોડાસાની જુદી જુદી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.





અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યુ અને મેલેરીયા જેવા મચ્છરજન્ય રોગોના દર્દીઓમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. ત્યારે આ વાહકજન્ય રોગચાળો વધુ જીવલેણ ન બને તેમજ ઓછામાં ઓછા લોકો આ રોગનો ભોગ બને તે માટે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ દ્વારા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના શંકાસ્પદ ડેન્ગ્યુ અને મેલેરિયાની ઉત્પત્તિ કરતા અને ડેન્ગ્યુના શંકાસ્પદ રોગનો ભોગ બનેલા વિસ્તારમાં સર્વે કરવા માટે સૂચના આપી જિલ્લા આરોગ્ય દવાખાનાઓમાં ફરજ બજાવતા તબીબો, મલ્ટી પર્પજ હેલ્થ વર્કર, ફિમેલ વર્કર તથા આશા બહેનો દ્વારા સારવારની સાથે પાણી ભરેલા પાત્રોની ચકાસણી તેમજ પોરાનાસક કામગીરી હાથ ધરી છે. તદઉપરાંત તાવના દર્દીઓ તેમજ શંકાસ્પદ દર્દીઓના લોહીના નમૂના લઈ સઘન કામગીરી હાથ ધરી ફોગીંગની કામગીરી કરી તમામ કામગીરીના રીપોર્ટ જિલ્લા આરોગ્ય અધિકારી



રીપોર્ટ મોકલવાની સાથે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથની દેખરેખ હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા સર્વેની કામગીરી ઝડપી બનાવી મચ્છરજન્ય રોગચાળો કાબુમાં લેવા કમરકસી હોય તેવુ લાગી રહ્યું છે.

ધનસુરા તાલુકાના બારનોલી ગામના ૧૮ વર્ષીય યુવાન ધ્રુવ.એમ. પટેલને તાવની અસર થતા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા તબીબો ડેન્ગ્યુનો રીપોર્ટ એન.એસ.-૧ કરાવતા પોઝેટીવ આવતા તબીબ દ્વારા શંકાસ્પદ ડેન્ગ્યુના લક્ષણોના આધારે ક્રિષ્ના સુપર સ્પેશીયાલીટી હોસ્પિટલમાં સઘન તબીબી સારવાર હાથ ધરી હતી. પારસ સોસાયટીના યુવાનને શંકાસ્પદ ડેન્ગ્યુ બાદ અન્ય આજ સોસાયટીમાં રહેતી કોલેજની વિદ્યાર્થીની જીનલ નરેન્દ્રભાઈ સુતરીયાને પણ તાવ ચડ ઉતર રહેતા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડતા તબીબે વિદ્યાર્થીના લોહીના પરીક્ષણની લેબોરેટરી કરાવતા વિદ્યાર્થીનો એન.એસ.-૧ રિપોર્ટ પોઝેટીવ આવતા તબીબે શંકાસ્પદ ડેન્ગ્યુના લક્ષણોના આધારે તબીબે સઘન સારવાર હાથ ધરી હતી. અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગની અસરકારક કામગીરી સાથે લોક જાગૃતિ કેળવવા માટે કાર્યક્રમો તેમજ જિલ્લા પોગ્રામીંગનું કામકાજ કરવામાં આવે તે ખુબજ જરૂરી છે.

# મોટી ચિચણો શાળા પાસે ભરાયેલા ગંદા પાણીથી બાળકોમાં રોગચાળાનો ભય

### વરસાદી પાણીનો નિકાલ ન થતા બાળકોનું આરોગ્ય જોખમમાં : વરસાદી પાણીના કાયમી નિકાલ માટે માંગ

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોટી ચિચણો ગામની પ્રાથમિક અને માધ્યમિક શાળાની બાજુમાં વરસાદી પાણી ભરાઈ રહેતા બાળકોમાં રોગચાળો ફેલાવાની ભિતી સેવાઈ રહી છે. બંને શાળાના અંદાજે ૨૦૦ જેટલા બાળકોએ ગંદા પાણીમાં પડીને જવાનો વારો આવતા સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડ્યા હોય તેવુ લાગી રહ્યું છે. ગામના વરસાદી પાણીનો નિકાલની યોગ્ય જગ્યા ન હોવાથી શાળાની દિવાલ પાસે જ ગામનું ગંદુ પાણી ભરાઈ રહેતા મચ્છરજન્ય રોગ બાળકોને ભરડામાં લે તેવી ભીતિ વાલીઓને સતાવી રહી છે. મોટી ચિચણો ગામની પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અંદાજે ૨૦૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે. શાળાની દિવાલને અડીને જ પાણીના ખાબોચિયા ભરાઈ રહે છે અને આજુબાજુ ઉકરડા બનાવેલા હોઈ દિવસ દરમ્યાન બાળકોએ અસહ્ય દુર્ગંધ સહન કરવી પડે છે. બાળકોએ ગંદા પાણીમાં અને ઉકરડામાં થઈને જવાનો વારો આવે છે. ત્યારે આવી પરિસ્થિતિમાં બાળકોના આરોગ્ય સામે જોખમ ઉભુ થયુ છે. ચોમાસાના પાણીનો યોગ્ય નિકાલ ન હોવાથી ચોમાસાના ચાર મહિના શાળાની દિવાલની બાજુમાં ગંદા પાણીના ખાબોચિયા ભરાઈ રહે છે. આ અંગે કેટલાક જાગૃત



વાલીઓ ગ્રામ પંચાયતમાં મૌખિક જાણ પણ કરી હોવાનું જાણવા મળેલ છે. છતાં પણ ગ્રામપંચાયત દ્વારા કોઈ કામગીરી ન કરતા લોકોમાં રોષ વ્યાપ્યો છે. રજુઆતો કરવા છતાં કોઈ જ ધ્યાન ન આપતા નિર્દોષ બાળકોએ મને કમને અભ્યાસ કરવો પડે છે.

### એસએમસી અધ્યક્ષ શુ કહે છે ?

આ અંગે મોટી ચિચણો પ્રાથમિક શાળાના એસએમસી અધ્યક્ષ જીગ્નેશકુમાર પટેલના જણાવ્યાનુસાર વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન હોવાથી શાળાની દિવાલ પાસે જ ગામનુ ગંદુ પાણી ભરાઈ રહે છે. જેના લીધે બાળકોના આરોગ્ય સામે જોખમ ઉભુ થયુ છે તો જવાબદાર તંત્ર દ્વારા બાળકોના આરોગ્ય સામે જોખમ ઉભુ ન થાય તે માટે તાબડતોડ આ પાણીનો કાયમી ઉકેલ કરવામાં આવે.

## પ્રાંતિજના ગલતેશ્વરની મહિલાનું સારવાર દરમિયાન મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર ગામે રહેતાં અલ્પાબેન પ્રવિણસિંહ અમૃતસિંહ ઉ. વર્ષ- ૨૦ કે જેવો લગ્નજીવનના બે વર્ષ થયાં હતા. જયારે પોતાના ધરે રાત્રીના સમયે કોઈ અગમ્ય કારણોસર પોતાના જાતે શરીરે કેરોસીન છાંટી લેતા દાઝી જતાં તેવોને પહેલા પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા અને જયાંથી વધુ સારવાર અર્થે હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાં પાંચ દિવસ બાદ સિવિલમાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે. જયારે આ અંગેની જાણ હિંમતનગર સિવિલ હાજર તબીબી ડાં. એલ. એમ. પ્રયદર્શી દ્વારા પ્રાંતિજ પોલિસને જાણ કરવામાં આવી હતી.





## પ્રાંતિજમાં મધમાખી ઉછેર અંગે બે દિવસનો સેમીનાર યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મધમાખી ઉછેર તેમજ બાગાયતી ખેતી વિશેનો બે દિવસીય સેમીનાર યોજાયો હતો. જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી મહિલાઓ સહિત ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને તજજ્ઞો દ્વારા માર્ગદર્શન મેળવ્યુ હતુ. પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે મધમાખી ઉછેર કેન્દ્ર વિશેનો બે દિવસીય સેમીનાર યોજાયો હતો. જેમાં સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ, નેશનલ ડી. બોર્ડ દિલ્હી તથા આર્યનખાદી ઉદ્યોગ દ્વારા નેશનલ કક્ષાનો સેમીનાર યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્યના સચીવ અજય પ્રસાદ તથા બાગાયત નિયામક ડૉ. આર. શેરસીયા, બાગાયત નિયામક જે.કે. પટેલ, માર્કેટયાર્ડ સેક્રેટરી ચંદુભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ઉપસ્થિત અધિકારી દ્વારા મધમાખી ઉછેર વિષય પર માહિતી આપી હતી.

## ચૂંટણી પંચ નિરીક્ષક સાબરકાંઠા જિલ્લાની મુલાકાતે

ભારતના ચૂંટણીપંચ દ્વારા ખાસ સંક્ષિપ્ત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં તા. ૧૫ સપ્ટેમ્બરથી ૧૪ ઓક્ટોબર-૨૦૧૬ દરમિયાન આ કામગીરી યોજાશે જેની આખરી મતદારયાદી ૧૫-૯-૧૬ના રોજ જાહેર કરવામાં આવી છે. જેનાં સચાલન અને નિરીક્ષણ માટે રાજ્ય ચૂંટણીપંચ દ્વારા સાબરકાંઠા જિલ્લાના ચૂંટણી પંચના નિરીક્ષક તરીકે આર.એમ. જાદવની નિમણૂંક કરી છે. સાબરકાંઠા જિલ્લાના મતદારને મતદાર યાદી સંબંધી કોઈ રજૂઆત કે ફરીયાદ કરવી હોય તો તે ૨૯-૯-૨૦૧૬ના બપોરના ૧૫ થી ૧૬ કલાક દરમિયાન મળી શકશે.

## હિંમતનગર ખાતે રાજ્યકક્ષાની કબડ્ડી સ્પર્ધા યોજાશે

રાજ્ય રમત-ગમત અને યુવા સંસ્કૃતિ વિભાગ, ગાંધીનગર અને જિલ્લા વહિવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાની કબડ્ડી સ્પર્ધા સાબરકાંઠા જિલ્લા ખાતે યોજાશે.

હિંમતનગરના રમત-ગમત સંકુલ ભોલેશ્વર ખાતે તા. ૨૮ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર ૨૦૧૬ દરમિયાન યોજાનાર અન્ડર ૧૪ કબડ્ડી સ્પર્ધામાં રાજ્યના ૩૩ જિલ્લા અને ૮ મહાનગરપાલિકાની ૪૧ ટીમો રમતમાં ભાગીદાર બનશે. સવારના ૮ થી ૧૨ અને સાંજના ૩ થી ૭.૩૦ કલાક દરમિયાન યોજાનાર કબડ્ડી સ્પર્ધામાં ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહેવા માટે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## મેઘરજમાં સ્વચ્છતા અને સામાજીક સમરસતા સપ્તાહની ઉજવણી

મેઘરજ, તા. ૨૮

સમગ્ર ગુજરાત રાજ્યમાં તા. ૨૫-૯-૧૬ થી તા. ૨-૧૦-૧૬ દરમ્યાન સ્વચ્છતા અને સામાજીક સમરસતા સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે આ કાર્યક્રમની ઉજવણી મેઘરજ ખાતેની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વતી મેઘરજ તાલુકા કક્ષાએ ઉજવણી કરવામાં આવી હતી.

સ્વચ્છતા અને પવિત્રતાની ઉર્જા વધતી રહે અને સમગ્ર સમાજમાં એકરૂપતા આવે અને અરસપરસ સમરસતા સાધી પરમ શાંતિ અને એકતાનો મેસેજ ચોતરફ ફેલાઈ તે હેતુથી તાલુકાના મહાનુભાવોની વિશેષ હાજરીમાં અને કોલેજના વિદ્યાર્થીઓ સાથે મળીને મંગળવારે મેઘરજ કોલેજથી ગાયત્રી મંદિર સુધી રેલી સ્વરૂપે આવી ગાયત્રી મંદિર હોલમાં દીપ પ્રાગટ્ય કરી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય વક્તા મેઘરજ કોલેજના આચાર્યા યુ.કે. ગાંગુડે, સામાજીક કાર્યકર કાળુભાઈ ડામોર, ગાંધીવાદી કાર્યકર જેઠાભાઈ પટેલ, ગાયત્રી પરિવાર મેઘરજથી અશોકભાઈ ઉપાધ્યાય, મેઘરજ સરપંચ લક્ષ્મીબોન વણઝારા, સામાજીક કાર્યકર અનુસૂચિત જાતીમાંથી કનુભાઈ પરમાર તેમજ અગ્રણીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય કરી પ્રવચનો કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.



## સાબરકાંઠાની ફાયર ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓ નવરાત્રીમાં સ્વૈચ્છિક સેવા આપશે

નવરાત્રિના દિવસો દરમિયાન આગ જેવી હોનારતો સામે સાવચેતીના પગલારૂપે સાબરકાંઠા (વીરાવાડા)ની ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાયર એન્ડ સેફટીના વિદ્યાર્થીઓ સંચાલકો-આયોજકોની માંગણી મુજબ રાત્રીના ગરબા દરમિયાન સેવાઓ પુરી પાડશે એમ કેન્દ્ર નિયામક નિમેષ પટેલે જણાવ્યુ છે. આ કામગીરીમાં કેટલાક ફેરફારો કરવાના જણાશે તો આયોજકોએ સહકાર આપવો પડશે. ઝુલતા તોરણની ઉંચાઈ, ઈમરજન્સી એક્ઝીટ, ફાયર એસ્ટીગ્યુશરની વ્યવસ્થા, ખાણીપીણીના સ્ટોલનું અંતર, ગેસ સીલીન્ડર, સીએનજી વાહનોનું અંતર, સ્ટેજની મજબુતાઈ, હોમગાર્ડની સેવાઓ વગેરે મુદ્દાઓ ઉપર વિદ્યાર્થીઓ સુક્ષ્મ નિરિક્ષણ કરી સાવચેતી-સુરક્ષાનો પ્લાન બનાવશે. જે સંસ્થાઓને આવા ડીઝાસ્ટર મદદનીશની જરૂરિયાત હોય તેમણે નીચેના નંબર પર સંપર્ક કરી અગાઉથી નોંધણી કરાવવાની રહેશે. ૭૫૭૩૦૪૨૦૮૧-૮૨, ૮૦૦૦૭૨૫૨૩૩, ૯૦૩૩૪૨૫૬૮૭

## મહેસાણા જિલ્લામાં ખેલ મહાકુંભમાં રજિસ્ટ્રેશન કરાયા

મહેસાણા જિલ્લામાં ખેલ મહાકુંભમાં જિલ્લાના દશ તાલુકાઓમાં ૧,૮૪,૨૧૩નું રજિસ્ટ્રેશન કરાયું છે. જેમાં સતલાસણા તાલુકામાં ૬૭૭૨, ખેરાલું તાલુકામાં ૧૫૩૮૧, ઉંઝા તાલુકામાં ૧૭૮૯૬, વિસનગર તાલુકામાં ૧૯૯૬૨, વડનગર તાલુકામાં ૧૭૧૭૪, વિજાપુર તાલુકામાં ૧૯૩૭૦, મહેસાણા તાલુકામાં ૪૦૪૭૭, બેચરાજી તાલુકામાં ૧૦૩૫૯, કડી તાલુકામાં ૩૧૮૪૧, અને જોટાણા તાલુકામાં ૪૯૮૧ ખેલાડીઓનું રજિસ્ટ્રેશન થયેલ છે.

એથ્લેટીક્સમાં ૧૧૮૫૮૦, કબડ્ડીમાં ૧૬૫૯૫, ખોખોમાં ૧૪૮૩૬, વોલીબોલમાં ૫૭૪૪, રસ્સાખેંચમાં ૩૪૯૦, શુટીંગ બોલમાં ૩૯૯, ચેસમાં ૪૮૬૧, યોગાસનમાં ૩૩૪૬, આર્ચરી ૩૯૬, બેડમિન્ટનમાં ૩૧૭૨, બાસ્કેટબોલમાં ૧૦૦૫, સ્વીમીંગમાં ૮૦૯, ફુટબોલમાં ૨૩૭૮, જુડોમાં ૧૧૯૯, ટેબલ ટેનીસમાં ૮૯૧, સ્કેટીંગમાં ૫૦૫, હોકીમાં ૧૨૬૪, કુસ્તીમાં ૧૧૬૨, હેન્ડબોલમાં ૧૦૨૨, લોન ટેનીસમાં ૩૧૮, ટેકવેન્ડોમાં ૫૩૦, જીમ્નાસ્ટીકમાં ૧૬૨, સાઈકલીંગમાં ૩૭૨, શુટીંગમાં ૨૭૩, આર્ટીસ્ટીક સ્કેટીંગમાં ૬૩, વેઈટલીફટીંગમાં ૧૩૫, ફેન્સીંગમાં ૪૨, બોક્સિંગમાં ૨૧૭, કરાટેમાં ૩૭૯, મલખમ્બમાં ૬૮ ખેલાડીઓને રજિસ્ટ્રેશન કરાયું છે.

## બોરીયાના સનાતન આશ્રમના મહંતના પુત્રનું અકસ્માત બાદ સારવાર દરમિયાન મોત

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા-તલોદ રોડ ઉપર ધડકણ પાસે આઠ દિવસ પહેલાં ઉભેલ ટ્રેન પાછળ વાન ઘુસી જતાં ધટનાસ્થળે એકનું મોત નિપજ્યું હતું જયારે અન્ય એકને ગંભીર ઈજાઓ થતા પહેલા હિંમતનગર અને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જેમા આઠ દિવસ બાદ સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે.

પ્રાંતિજના મજરા-તલોદ રોડ ઉપર આઠ દિવસ પહેલા તલોદ તરફ જતી મારૂતીવાન સાઈડમાં ઉભેલી ટ્રેન પાછળ ઘુસી ગઈ હતી અને જે દરમ્યાન સ્થળ ઉપર સાધુ આત્મારામ કાનદાસ ઉ. વર્ષ- ૪૪ રહે. ધડકણનું ધટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતુ. જયારે બીજો ઈજાગ્રસ્ત કુલદીપ વસંતરામ મહારાજ રહે. બોરીયા સીતવાડા ઉ.વર્ષ- ૨૦ કે જેને શરીરે તથા માથાનાં ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી જેને પહેલા પ્રાઈવેટ વાહનમાં હિંમતનગર અને ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમ્યાન આઠ દિવસ બાદ વહેલી સવારે તેનુ મોત નિપજ્યું છે. જયારે આ સમાચાર ગામ સહિત પંથકમાં વાયુવેગે પ્રસરી જતાં આખું બોરીયા સિતવાડા ગામ શોકમય બની ગયું છે.



મોડાસા હાઈસ્કૂલના અંગ્રેજી વિષયના શિક્ષકની ગુજરાત રાજ્યમાં તાલીમ આપવા માટે નિમણુંક થતા આનંદ છવાયો હતો. ગાંધીનગર ખાતે જી.સી.ઈ.આર.ટી.માં ગુજરાતના ૩૫ જિલ્લાના અંગ્રેજી વિષયના ૧૫૦ કેઆરપીનો ઓરીએન્ટેશન યોજાતા અરવલ્લી જિલ્લાના મોડાસાની શ્રી કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલના અંગ્રેજીના શિક્ષક કનુભાઈ આર. ખાંટે વિશિષ્ટ અંગ્રેજી સી.પી.ડી. ટીચીંગ ઓફ ઈંગ્લિશ, લીશનીંગ, રીડીંગ, સ્પીકીંગ, રાઈટીંગ, ગ્રામર, વોકાબ્યુબરી સપ્લીમેન્ટરી, પોયમ, પ્રોજેક્ટ વગેરે વિષયોની ગહન તાલીમ આપી હતી. જેમાં આર.એમ.એસ.એના ડાયરેક્ટર તેમજ અન્ય મહેમાનોની હાજરીમાં પ્રસંગ કાવ્ય રજૂ કરીને ખુબજ નામના મેળવી હતી. મોડાસા હાઈસ્કૂલના અંગ્રેજી વિષયના શિક્ષક કે.આર. ખાંટ સમગ્ર રાજ્યના અંગ્રેજી વિષયના શિક્ષકોને જિલ્લા મુજબ ૧૩ ઓક્ટોબરના રોજ તાલીમ આપવામાં આવશે. તાલીમ શિક્ષક તરીકે નિમણુંક થતા ટ્રસ્ટ મંડળ, શિક્ષક ગણ, સંબંધીઓએ શુભેચ્છા પાઠવી હતી.

## વિજયનગર ખાતે આરોગ્ય જન જાગૃતિનો કાર્યક્રમ યોજાયો

ભારત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા વિજયનગર ખાતે આરોગ્ય જન જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સરકારની લોક કલ્યાણ અર્થે ચાલતી વિવિધ આરોગ્યલક્ષી યોજનાની સમજ આપવા માટે જન જાગૃતિનો કેમ્પ યોજાયો હતો. જેમાં માતા અને બાળ આરોગ્ય, મિશન ઈન્દ્રધનુષ, બેટી બચાવો-બેટી ભણાવો સહિતના અભિયાનો અને એનેમિયા, મેલેરીયા, ડેન્ગ્યુ અને લેપ્રસી સહિતના રોગોથી બચવા અંગે તજજ્ઞ ડૉક્ટરો દ્વારા સમજ આપવામાં આવી હતી.

## તલોદ ખાતે વિદ્યાપીઠ દ્વારા ગ્રામજીવન પદયાત્રા યોજાઈ

તલોદ, તા. ૨૮

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત તલોદ માર્કેટ યાર્ડ ખાતે ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ પ્રેરિત સુક્ષ્મ જીવાણું વિજ્ઞાન વિભાગ અને બાયોગેસ સંશોધન કેન્દ્ર, સાદરા દ્વારા આયોજિત અને તાલુકા પંચાયત તલોદના સહયોગથી તા. ૨૮ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી ગ્રામજીવન પદયાત્રાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આજરોજ તલોદ માર્કેટ યાર્ડ આતે ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક અનામિક શાહ અને સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસ (આઈએએસ)એ ગ્રામજીવન પદયાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવેલ. કુલનાયકે સર્વેને સંબોધતા જણાવેલ કે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ગાંધીજયંતી ઉજવણી નિમિત્તે સમગ્ર તલોદ તાલુકાના ૬૪ ગામોમાં વિદ્યાર્થીઓ અલગ અલગ ૧૬ ટુકડીઓ જઈને ગામમાં સ્વચ્છતા, શૌચાલય અને સાક્ષરતા અંગેના વિવિધ કાર્યક્રમો કરશે. આપણે સંકલન, સહયોગ અને સંગઠનના સદ્‌ગુણોથી ગ્રામજીવન પદયાત્રાને ધૂપસળી બની ગ્રામજનોના જીવનને વધુ સુવાસિત કરવાનું છે.

જિલ્લા વિકાસ અધિકારીએ ઉપસ્થિત સર્વેને જણાવેલ કે આપણે ગ્રામજનોને સ્વચ્છતાની વૈજ્ઞાનિક રીતે સમજ આપી શૌચાલયના ઉપયોગ બાબતે જરૂરી જાણકારી આપવાની છે. સ્વચ્છતા અંગે નાની પણ અગત્યની બાબતો જેવી કે હાજતે ગયા બાદ સાબુ પાણીથી હાથ-પગ ધોવા, નિયમિત નખ કાપવા, ખુલ્લા પગે ન ફરવુ, વાસી ખોરાક ન ખાવો જે આરોગ્યની દૃષ્ટીએ ખુબ મહત્વ ધરાવે છે.